# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮   અંક : ૨૨૧**

પ્રમુખ
**મણીકાંત મેઘજી મોમાયા**
મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

મણીકાંત મેઘજી મોમાયા

# સાલ મુબારક

તહેવારોની મોસમ આવી અને જોતજોતામાં પસાર થઈ ગઈ. નવરાત્રી, શરદપૂર્ણિમા, દશેરા અને છેલ્લે દિવાળી. નવરાત્રીના પર્વમાં આપણે સૌ માતાજીની ભક્તિમાં લીન થયા. ગરબા-દાંડિયાની મોજ માણી, દશેરાના પર્વને પણ આપણે સૌ ઉમંગભેર ઉજવ્યો. શરદપૂર્ણિમાના પર્વની દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ ઉત્સાહથી હનુમાન વ્યાયામ શાળામાં તા. ૧૯ ઓકટોબરના ઉજવણી કરી. આ વર્ષનું ખાસ આકર્ષણ એ રહ્યુ કે સંગીત માટે મુંબઈના પ્રખ્યાત ચેલેન્જર ગ્રુપે પધારી સૌ ખેલૈયાઓને રસતરબોળ કરી દીધા. દાંડીયા-ગરબા અને બેસ્ટ વેશભુષાની હરીફાઈ ઉપરાંત આરતી સજાવટ-ગરબો સજાવટ તેમજ દાંડીયા સજાવટ વગેરેમાં મંડળના ભાઈ-બહેનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. શરદ ઉત્સવની ઉજવણી માટે મનોરંજન સમિતિના સંચાલક તથા સાથી કાર્યકરોને અભિનંદન, તેમજ કાર્યક્રમને સફળ બનાવનાર મુખ્ય દાતાઓ તેમજ સહદાતાઓનો ખૂબ ખૂબ આભાર.

પ્રકાશનું પર્વ દિવાળી પણ આપણે પોતપોતાની રીતે ઉત્સાહભેર ઉજવી. સંવત ૨૦૭૦નું નવું વર્ષ આપ સૌ પરિવારજનોને લાભદાયી-શુભદાયી તેમજ આરોગ્યસભર નિવડો એવી અંતરથી શુભેચ્છા.

મને તો મારા હાર્ટ-હૃદય પર માન છે... ગર્વ છે...
કારણ...
કેટલાય એની સાથે રમી ગયા...અમુકે એને પ્રેમ કર્યો...
અમુકે દગો દીધો...કેટલાકે એને દુઃખ પહોંચાડયુ, તો ઘણાંએ
એને તોડી-ફોડી નાખ્યું, છતાં મારૂં બેટું, આ હૃદય હજુય
મસ્ત મસ્ત ધબકી રહ્યું છે... !!

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org**
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

## દિવાળી અને નૂતન વર્ષાભિનંદન...

દિવાળી પર્વની સહુએ આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી. નૂતન વર્ષમાં આનંદભેર પ્રવેશ કરી રહ્યા છીએ, આ નવુ સંવત વર્ષ સૌને મંગલમય, કલ્યાણકારી, પ્રગતિશીલ અને લાભદાયક નીવડે એવી હાર્દીક શુભકામના.

પુરૂ વર્ષ હૈદ્રાબાદ વતનીઓ માટે સંઘર્ષમય રહ્યુ, ઘણા આંદોલનો થકી સર્વત્ર મંદીનો માહોલ રહ્યો, આવા સમયે ખર્ચમાં કાપ કરી સેવિંગ્સમાં વધારો કરવાનુ હિતાવહ છે.

ઓકટોબર માસમાં શરદપૂર્ણીમાની ઉજવણી ખુબજ સારી રીતે પુર્ણ થઈ, મનોરંજન સમિતિના સંચાલક શ્રી હેમાંગ મોમાયા તથા એમના સાથીઓની મહેનત અને સફળતા માટે ખૂબ ખૂબ અભીનંદન તથા સફળ કાર્યક્રમમાં સાથ આપનાર દરેક દાતા પરિવારોનો આભાર.

દરેક સમિતિના સંચાલકો યથાશક્તિ મહેનત કરી કાર્યક્રમોને સફળ બનાવી રહ્યા છે, માનવમિત્ર સમિતિનુ કાર્ય દેશભરમાં એક અનોખુ ઉદાહરણ પુરૂ પાડી રહ્યુ છે, આપણુ મુખપત્ર નિયાંપોને સમસ્ત કચ્છી સમાજમાં લોકપ્રિય છે. છેલ્લા ચાર વર્ષથી વેબસાઈટ ઉપર તેને પ્રસિધ્ધ કરવા બદલ શ્રી પંકજ વલ્લભજી સાવલાનું યોગદાન ઉલ્લેખનીય છે.

તા. ૩૦-૧૦-૨૦૧૩ના કારોબારી તથા ટ્રસ્ટબોર્ડની એક સંયુક્ત સભા યોજાઈ હતી.

નવેમ્બર માસમાં મહિલા સમિતિ આયોજીત ડાન્સ કાર્યક્રમ, શાન્તિ પ્રાયમરી સ્કુલ આયોજીત કાર્નીવલ અને માવજત સમિતિ આયોજીત મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સમાજ ઉપયોગી ઘણા નવા કાર્યો અને પ્રોજેકટો હાથ ધરવાનો સમય આવી ગયો છે, યથા શક્તિ પોતાના વિચારો અને મંતવ્યો લખી મોકલવા વિનંતી.

ઈલેકશન કાર્ડ (વોટીંગ કાર્ડ) એનરોલમેન્ટનું એક કેમ્પ ઓકટોબર માસમાં રાખવા આવેલ હતું, લગભગ ૧૩૫ ફોર્મ લેવામાં આવેલ અને ઓનલાઈન એપલીકેશનનું કાર્ય પુર્ણ કરવામાં આવેલ છે. આ કાર્ય માટે આપણા સમાજના શ્રી જીતેનભાઈ મજેઠીઆ ખૂબજ મહેનત કરી રહયા છે. અભિનંદન.

ભવન મેનેટેનન્સનું કાર્ય ખૂબજ ચીવટપૂર્વક કરવામાં આવી રહ્યો છે. ગેસ્ટ હાઉસ માટે અલગથી એક માણસની નિયુક્તી કરવામાં આવી છે. જરૂરીયાત મુજબ રીપેરીંગનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

આ માસ દરમ્યાન શ્રી પારેખ ફાઉન્ડેશન, શ્રીમતી કુસુમબાઈ ધીરજલાલ પારેખ તરફથી રૂ.૫૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. આભાર.

**વોટીંગ કાર્ડ-ઈલેકસન કાર્ડ :** વોટીંગ કાર્ડ એનરોલમેન્ટનો એક કેમ્પ તા. ૨૪-૧૧-૨૦૧૩ રવિવારના સવારના ૧૧ થી ૧ વાગ્યા સુધી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. જે કોઈ મેમ્બર પરિવારને નવું કાર્ડ અપ્લીકેસન આપવું હોય એમને એડ્રેસ પ્રુફ, પાસ પોર્ટ સાઈઝ ૧ ફોટો અને બર્થ સર્ટીફીકેટની કોપી સાથે લાવવાની રહેશે. એપ્લીકેસન માટેની ઉમર ૧૮ વર્ષ ઉપર હોવી જરૂરી છે. જુના કાર્ડમાં કંઈ કરેકસન કરાવવાનું હોય તો તે જુના કાર્ડની કોપી સાથે લાવવાની રહેશે. **પંકજ હીરજી સાવલા-૯૮૪૯૭૪૭૬૨૫, લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫૩૧૦૬૬, જીતેન મજેઠીયા-૯૮૬૬૪૦૭૩૩૨**



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

આપ સર્વ વાચક મિત્રોને દિવાળીની હાર્દિક શુભકામના તથા નૂતન વર્ષાભિનંદન. આપ સર્વેએ ખુબજ રંગે ચંગે તથા આનંદ અને ઉમંગથી દિવાળી ઉજવી હશે. દિન પ્રતિદિન આપણે બધા સ્વાસ્થ્ય પ્રત્યે વધારે ને વધારે સભાન થતા જઈએ છીએ. આથીજ મિઠાઈઓનું સ્થાન હવે સુકા મેવાએ લઈ લીધું છે તથા ગીફ્ટમાં પણ ઈલેક્ટ્રોનીક ચીજોનું ચલણ વધી ગયું છે.

ટી.વી. માધ્યમ દ્વારા થતી જાહેર ખબરોની અસરથી અવાજવાળા ફટાકડાનું પ્રમાણ પણ મહદ્ અંશે ઓછું થઈ ગયું છે. આવાજ વગરની આતશબાજી આવકાર્ય છે કે જેથી પ્રદુષણ ઓછું થાય તેમજ બાળકો, વૃધ્ધો અને બિમારોને તકલીફ ઓછી રહે.

આ બધા સાથે નવા વર્ષમાં કશુંક નવું કરવાનું પણ આપ સર્વે નહીંજ ભુલ્યા હો !

વર્ષ દરમ્યાન "નિયાપો" માટે કૃતિઓ મોકલનાર, વિજ્ઞાપનો મોકલનાર, મુદ્રક ચંદ્રપ્રભા ગ્રાફિક્સ તથા વાચક વર્ગ, આગામી વર્ષ દરમ્યાન આવોજ સાથ સહકાર આપશે એવી અભ્યર્થના.

**લેખકો જોગ...**

નિયાપોમાં છાપવા જે લેખો મોકલવામાં આવે છે તે તેની યોગ્યતા તેમજ "નિયાપો" માં જગ્યાની અનુકુળતા મુજબ છાપવામાં આવે છે. કોઈ લેખ મોડો છપાય કે ન છપાય તો દરગુજર કરશો.

ખાસ સૌને વિનંતી કે, આપની કૃતિ સંક્ષેપમાં જ મોકલશો. – સંપાદક મંડળ

## નિબંધ પ્રતિયોગિતા - ૨નું પરિણામ

"જે દેશના રાજા વેપારી તેની પ્રજા ભિખારી" એ કહેવત ઉપર રાખેલ નિબંધ પ્રતિયોગિતામાં આવેલ કૃતિઓમાંથી નીચે આપેલ કૃતિઓને પ્રથમ બે ઈનામો આપવામાં આવેલ ચે.

| | |
|---|---|
| ૧. શ્રી મહેન્દ્ર વોરા | રૂા. ૩૦૦ |
| ૨. શ્રીમતી પુનમ પ્રદિપ સંઘવી | રૂા. ૨૦૦ |

વિજેતાઓને ભવનની ઓફિસમાંથી ઈનામો મેળવી લેવા વિનંતી. ઈનામોના દાતા શ્રી વસંત પ્રાગજી શાહનો આભાર. સાથે સાથે નિબંધોનું મુલ્યાંકન કરનાર શ્રી જયંતભાઈ વોરા તેમજ શ્રી દિપ્તીબેન રવિકુમારનો આભાર.

## નિબંધ પ્રતિયોગિતા - ૩

નવેમ્બર ૨૦૧૩ માસની નિબંધ હરિફાઈ માટે નીચે જણાવેલ કહેવત ઉપર ૩૦૦ શબ્દો સુધીનો નિબંધ તા. ૩૦-૧૧-૨૦૧૩ સુધી મોકલવા, વાંચક વર્ગને આમંત્રણ છે. પહેલા ૩ આવેલ કૃતિઓને પારિતોષિક આપવામાં આવશે.

**"પારકી આશ સદા નિરાશ"**

– *સંપાદક મંડળ*

|| શ્રી ગૌતમ ગણધરાય નમઃ ||　|| શ્રી શાંતિનાથાય નમઃ ||　|| શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ||

## ભાગ્યનગરમાં શ્રી શાંતિનાથ જિનેશ્વરધામની ભવ્ય ભૂમિ પર ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ પૂર્ણાહૂતિ નિમિત્તે

# ભવોદધિતારક શ્રી અર્હત્ મહાપૂજન

## પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

દિવ્ય કૃપા : શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**

આજ્ઞા-શુભાશિષ : તપસ્વીરત્ન, સળંગ ૪૫મા વરસીતપના આરાધક, વર્તમાન ગચ્છાધિપતિ

**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** તથા જિનેશ્વરધામના પ્રેરક, સૂરિમંત્ર આરાધક,

દક્ષિણ દિપક **પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ. સા.** ના શુભાશિષથી

શ્રી અચલગચ્છાધિપતિશ્રીજી ના આજ્ઞાવર્તિની દીર્ઘ સંયમી પ.પૂ.સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા ના શિષ્યા

**ચાતુર્માસ શુભનિશ્રાઃ પ.પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા., આદિ ઠાણા ૩**

**ચાતુર્માસ સંઘપતિ : માતુશ્રી રાજબાઈ લીલાધર જીવરાજ નાગડા પરિવાર,** ગામ : મોટી વરંડી - કચ્છ, હૈદરાબાદ

દેવ-ગુરૂ-ધર્મની અસિમ કૃપાએ આ સાલમાં ચાતુર્માસ દરમ્યાન સુંદર મજાના તપ-જપ-અનુષ્ઠાન થયા, નાના-મોટા સૌ ભાવિકજનો બહોળી સંખ્યામાં પધાર્યા અને સૌએ યથાશક્તિ લાભ લીધો.

આરાધનાસભર ચાતુર્માસની પૂર્ણાહૂતિ નિમિત્તે મંગલમય અર્હત્ ભક્તિ મહોત્સવની ભાવના શ્રી સંઘ સેવી રહ્યો છે. તો આપણા શ્રી સંઘમાં પ્રથમ વખત થઈ રહેલ ત્રિદિવસીય શ્રી અર્હત્ મહાપૂજનનો લ્હાવો લેવા જરૂરથી પધારશો.

### પ્રથમ દિવસ

સંવત ૨૦૭૦ કારતક સુદ ૧૨,
ગુરૂવાર તા. ૧૪-૧૧-૨૦૧૩
સવારના ૮.૩૦ કલાકે
**કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જિનાર્ચન વિધિ**
બપોરના ૧૧.૩૦ સાધર્મિક ભક્તિ
બપોરના ૧૨.૩૯ કલાકે થી
**જિનાર્ચન વિધિ, ૨૫ કુસુમાંજલિ, શાંતિનાથ ભગવાનની સ્થાપના**

### દ્વિતીય દિવસ

સંવત ૨૦૭૦ કારતક સુદ ૧૩,
શુક્રવાર તા. ૧૫-૧૧-૨૦૧૩
સવારના ૮.૩૦ કલાકે
**પંચપરમેષ્ઠી પૂજન, ૧૦ દિક્પાલ, ૧૨ રાશિ, ૨૮ નક્ષત્ર, નવગ્રહ પૂજન, ૧૬ વિદ્યાદેવી, ક્ષેત્રપાલ પૂજન, પ્રકીર્ણ દેવપૂજન હવન સાથે**
બપોરના ૧૨.૩૦ સાધર્મિક ભક્તિ

### તૃતીય દિવસ

સંવત ૨૦૭૦ કારતક સુદ ૧૪,
શનિવાર તા. ૧૬-૧૧-૨૦૧૩
સવારના ૮.૩૦ કલાકે
**૧૦૮ અભિષેક, વિવિધ પૂજાઓ અષ્ટમંગલ મહાપૂજન, શ્રી શાંતિ દંડક વિધાન**
બપોરના ૧૨.૩૦ સાધર્મિક ભક્તિ

પૂજનની વિશિષ્ટતા : બધીજ જાતની પૂજન સામગ્રી, બધી જાતના અનાજ, સૂકા મેવા, મસાલા, ૧૦ જાતની મિઠાઈ, ૧૧ જાતના ફળો ત્રણે દિવસ વિવિધ જાતના ફુલો, અનેક વ્યંજનોથી બનેલા ષડ્રસ ભોજનના થાળ, કેસર, કસ્તુરી, અંબર જેવી ઊંચી જાતની વસ્તુઓ, અત્તરો, સોના-રૂપાના ફુલો, કિટ્ટુપા-દશાંગ વિગેરે ધૂપ આદિ વિશિષ્ટ સામગ્રીઓનો ઉપયોગ થશે. જીવનમાં શારીરિક, માનસિક, આર્થિક, ધાર્મિક, પારિવારિક સમસ્યાઓ આધિ-વ્યાધિ- ઉપાધિ દુષણોને દૂર ફેંકી દેવાની જબ્બર તાકાત આ શ્રી અર્હત્ મહાપૂજનમાં રહેલી છે. આ પ્રસંગે વિધિ વિધાન માટે મુંબઈથી વિખ્યાત વિધીકાર શ્રી રાજાભાઈ નંદુ, સંગીતમંડળી સહિત પધારશે.

પૂજન દરમ્યાન આ વર્ષના ચાતુર્માસ સંઘપતિ માતુશ્રી રાજબાઈ લીલાધર જીવરાજ નાગડા (વરંડી મોટી) પરિવારનું બહુમાન શ્રી સંઘ તરફથી કરવામાં આવશે. ચાતુર્માસ પૂર્ણાહુતિ દિન કારતક સુદ ૧૫ રવિવાર તા. ૧૭-૧૧-૨૦૧૩ના સવારના ૯.૦૦ કલાકે શ્રી સિધ્ધાચલજીની ભાવયાત્રા કરાવવામાં આવશે.

લાભાર્થી પરિવારો : શ્રીમતી કસ્તુરબેન ધનજી લખમશી સાવલા (નવાવાસ), હીરાબેન દામજી જીવરાજ ખીંયશી નાગડા પરિવાર (વરંડી મોટી) શ્રીમતી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા (વરાડીયા), માતુશ્રી રાજબાઈ લીલાધર જીવરાજ નાગડા (વરંડી મોટી), માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર પરિવાર (સાભરાઈ), માતુશ્રી જવેરબેન લાલજી પરબત મોતા પરિવાર (વારાપધર), માતુશ્રી કેસરબેન ધારશી સાવલા પરિવાર (મોથારા), શ્રી કાચીગુડા જૈન સંઘ, હૈદરાબાદ (કાચીગુડા), શ્રી કાચીગુડા જૈન સંઘ, હૈદરાબાદ (કાચીગુડા)



ઉપરોક્ત દરેક કાર્યક્રમમાં વિશેષ સંખ્યામાં પધારી શાસનની શોભા વધારવા વિનંતી.

લી. **શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)**

| ધનજી લખમશી સાવલા | દામજી જીવરાજ નાગડા | મણીકાંત મેઘજી મોમાયા |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન<br>તથા સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર | મેનેજિંગ ટ્રસ્ટી |



(જી.પ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

"સાલ મુબારક"

દિવાળી તેમજ નવા વર્ષ નિમિત્તે આપ સૌ સભ્યોને અમારા માનવ મિત્રના સભ્યો તરફથી સાલમુબારક અને નવું વર્ષ આપના સૌ પરિવારને સુખ, શાંતિ, સમૃધ્ધિ અને તંદુરસ્તી આપે એજ શુભકામના...

**આવેલ દાનની વિગત**

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ રૂા. |
|---|---|---|---|---|
| મગનલાલ મુરજી મારૂ ના જન્મ દિન નિમિત્તે | - | ૫૦૦ | ૧ | |
| સોનલ જિતેશ ગાલા | - | ૫૦૦ | ૧ | |
| શ્રીમતી હેમલતા મગનલાલ સાવલાની છઠી પુણ્યતિથી નિમિત્તે | - | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ |
| શ્રીમતી લતાબેન વિજયસિંહ ભાટીયા | - | ૫૦૦ | - | - |
| શ્રીમતી શાંતાબેન શાંતિલાલ ગાલા | ૫૦૦ | ૫૦૦ | ૧ | - |
| શ્રી કિરણ જે શાહના જન્મદિન હ : ઝવેરચંદ એન. શાહ | - | - | ૧ | - |
| શ્રીમતી સરસ્વતીબેન ખીમજી કારાણી | - | - | ૧ | - |

મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટરોએ, સાધના આશ્રમ (હોમ ફોર સ્પીશ્યલ ડીસેબલ ચીલ્ડરન) નાચારામના બાળકોએ દિવાળી માટે બનાવેલ દિપકનું રૂ. ૨૫૦.૦૦ નું વેચાણ કરેલ. આ માનવ સેવા માટે વોલીન્ટરો યુવા-યુવતીઓને અભિનંદન.

**સુધારો :** ગત નિયાપોમાં સ્વ. વિનોદ વેલજી ધરમશીના રૂ. ૫૦૦.૦૦ પીપલ્સ ફોર એનીમલમાં દાન આપેલ તે તેમના નામના બદલે ભુલથી હસ્તે દુલેશ વોરાના નામથી લખાયા હતા.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS
RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.
(જા.ખ.)

# આન્ધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ

આન્ધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલની નવી ટીમ, નવા જોશ અને ઉમંગ સાથે કાર્યરત થઈ રહી છે, નવી વિચારધારાની આપલે કરી, આ વર્ષે સમાજને કંઈક નવા કાર્યક્રમો આપવાનું ધ્યેય રાખે છે.

**ગુજરાતી ફિલ્મ "કેવી રીતે જઈશ" :** તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ કચ્છી ભવનમાં એક ગુજરાતી ફિલ્મ બતાડવામાં આવી, સંખ્યા ઓછી થઈ પણ આવેલ ભાઈ બહેનોએ ખૂબજ આનંદ માણેલ અને બોધ પણ મેળવેલ.

**વિશાલ અંતાક્ષરી :** તા. ૧૦-૧૧-૨૦૧૩ના રોજ ભારતીય વિદ્યા ભવનમાં એક દિવાળી સ્નેહ મિલન અને અંતાક્ષરીનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે, જેની પૂર્ણ માહિતી ક.વી.ઓ. સમાજને આમંત્રણ પત્રિકા દ્વારા આપવામાં આવેલ છે.

**એક દિવસીય પિકનિક :** તા. ૨૨-૧૨-૨૦૧૩ના રોજ એક દિવસીય પિકનિક પર જવાનું નક્કી કરેલ છે. જેમાં અવનવી રમતો, અવનવા વ્યંજનો ઇત્યાદી ભરપૂર હશે, જેની જાણ એસ.એમ.એસ દ્વારા કરવામાં આવશે.

**કૂર્ગ મૈસૂર અને બન્ડીપૂરનો પર્યટન :** તા. ૧૩-૧-૨૦૧૪ થી ૧૮-૧-૨૦૧૪ કૂર્ગ મૈસૂર અને બન્ડીપૂરના પર્યટનનું આયોજન થઈ રહ્યું છે, અંદાજે એક જણના રૂ. ૧૦,૦૦૦/-નો ખર્ચ આવશે. જેમા એ.સી. ટ્રેનમાં મુસાફરી અને રહેવા, ખાવા પીવા અને ફરવાનો ખર્ચ શામેલ છે. ફક્ત ૪૦ જણની મર્યાદા હોવાથી તમારા નામો મોડામાં મોડા ૧૨મી નવેમ્બર સુધી લખાવવા વિનંતી, જેથી ટીકીટો કઢાવવામાં આસાની થાય.

**ટેનિસબોલ ક્રીકેટ મેચ :** તા. ૧૮ મી અને ૧૯મી જાન્યુઆરીના રોજ, બેન્ગલોર ખાતે દક્ષિણ ભારત ક.વી.ઓ. જૈન સમાજના નેજા હેઠળ ક્રીકેટ ટૂર્નામેન્ટનો આયોજન થયેલ છે. એસ.એમ.એસ. થી જાણ થતા ક્રીકેટ રસીકો પોતાના નામ નોંધાવી શકે છે.

**નવા સભ્યો :** ક.વી.ઓ.ના જે પણ સભ્ય નથી બન્યા (નવા આવેલ હોય કે રસોડા અલગ થયા હોય) તેમને વિનંતી કે લવાજમના રૂ. ૫૦૦/- ભરી જલ્દીથી જલ્દી આજીવન સભ્ય બનીજાય, જેથી આગામી કાર્યક્રમોથી વંચિત ન રહી જાય.

**એસ.એમ.એસ. દ્વારા કાર્યક્રમોની જાણ :** ક.વી.ઓ.ના દરેક કાર્યક્રમોની જાણ એસ.એમ.એસ દ્વારા કરવામાં આવશે, જો તમારો નંબર ડી.એન.ડી.માં હશે તો તમોને મેસેજ નહીં મળે, તમારા નંબર ડી.એન.ડી માંથી કઢાવી નાખશો.

લી.

| ચિમનલાલ ગાલા | પોપટલાલ છેડા | તારાચંદ ધરોડ | તલકશી ગડા | નિતિન ધરોડ |
|---|---|---|---|---|
| પ્રમુખ | ઉપ પ્રમુખ | માનદ્ મંત્રી | ખજાનચી | કન્વીનર પ્રોગ્રામ સમિતિ |

(ક્ર.મં.)

# સભ્યપદ સમિતિ

સંચાલક : **હરેશ હેમરાજ દેઢિયા,** ૯૨૪૬૧૯૪૪૦૫

સર્વ સભ્ય પરિવારજનોને અમારા હાર્દિક નૂતનવર્ષાભિનંદન.

સહર્ષ જણાવવાનું કે મંડળની ૩૦-૧૦-૨૦૧૩ નાં મળેલ સંયુક્ત સભામાં ઓકટોબર૨૦૧૩ ના ૮ (આઠ) નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવલ છે.

| | **નામ** | **ગામ** | **મેમ્બરશીપ નંબર** |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી ભાવિકા તેજકિરણ મોમાયા | વારાપધર | B/1011/10/13 |
| ૨ | શ્રીમતી સુષ્મા કમલ પોલડીયા | બીદડા | S/1017/10/13 |
| ૩ | શ્રીમતી ભાવના પરેશ કારાણી | ડુમરા | B/1012/10/13 |
| ૪ | શ્રીમતી યક્ષા મનીષ નાગડા | તેરા | Y/1004/10/13 |
| ૫ | કુમાર હર્ષિત રાકેશ નાગડા | તેરા | H/1020/10/13 |
| ૬ | શ્રીમતી મીના રાકેશ નાગડા | તેરા | M/1021/10/13 |
| ૭ | શ્રીમતી હેમલતા ચંદ્રકાંત ધરોડ | પત્રી | H/1021/10/13 |
| ૮ | કુમાર જીતેન મહેન્દ્ર લોડાયા | કોઠારા | J/1012/10/13 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન....

**નોંધ :** ક્રીના હીરલ વીરાના બદલે ક્રીના કિરન વીરા સુધારીને વાંચવું.

## પ્રમુખ સમાજસેવિકા શ્રીમતી જયા રમેશ લોડાયા (જાગીરદાર) માતૃશક્તી પ્રતીભા પુરસ્કાર ૨૦૧૩ થી સમ્માનીત



मातु शक्ति पुरस्कार 2013 से सम्मानीत होने पर जया रमेश जागीरदार का स्वागत करते हुए स्वामीनारायण गुरुकुल के जसमत पटेल, श्री गुजराती प्रगती समाज के महेश पटेल, श्री कच्छ कडवा पाटीदार समाज के हरजी पटेल, कुमार बोरा, श्री जैन सेवा संघ महिला विभाग की अध्यक्षा हंसा सावडीया, अलका चौधरी, मीना मुथा


શુભેચ્છાઓ સાથે **જ્યોતિષાચાર્ય પં. ભરત ભટ્ટ (કચ્છી ગોર બ્રાહ્મણ)**

જન્માક્ષર ઉંડાણપૂર્વક અધ્યન કરી વર-કન્યા મેળાપક, કોમ્પ્યુટર જન્માક્ષર - ગુજરાતી તેમજ ૧૦ ભાષામાં બનાવી આપવામા આવશે...ઘર-દુકાન-ફેક્ટરી વાસ્તુ માર્ગદર્શન માટે મળોઃ

૪-૩-૨૧૨, સાઈબાબા મંદિર પાછળ, કે.એસ.લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ

ફોન. (મો) ૯૪૪૦૪ ૯૮૩૦૮, ૭૨૦૭૪૬૨૪૫૫. **email: bbastrobhatt@hotmail.com**

(જા.ખ.)

# Jeevdaya : Help Animals & Birds !

**Caring Hands for Animals (CHFA),** a voluntary organisation, rescues and rehabilitates birds and animals which are injured or abandoned. Blind, handicapped or sick birds and animals are given life-long shelter, medical treatment and care. The CHFA shelter has 25 dogs, many birds and cats, most of them sick and handicapped.

Do Jeevdaya and show your care for the creatures who share our world with us. Your help can provide a sick or injured animal, the next meal or a home. What can you do ?

- **Adopt a pet** by bearing its life-long expense. The pet will remain with CHFA.
- **Celebrate you special days -** what better way to celebrate your birthdays, anni versaries etc than by donating to caring of helpless creatures ?
- **Donate money liberally**

CHFA is funded only through donations and voluntary service. Any help from animal lovers is greatly appreciated.

To send help or for more information, please contact **Neeta Gandhi** on 9849031300 or at **neeta@gandhis.com** or Bundla Padmaja on 9701948888 or at **chfanimals@gmail.com.**

## Caring Hands for Animals

Shelter at Tondapally, off ORR, RR District.

(જા.ખ.)

WE CANNOT TAKE YOU BACK INTO THE ROYAL ERA.
BUT WE SURELY CAN DO THE NEXT BEST THING,
TREAT YOU LIKE ONE.

Enjoy Journey on NEW ERTIGA - a luxury family saloon car
NEW FIAT LINEA , INNOVA for your daily & monthly requirement
and driving pleasure of C segment cars at very reasonable rate.

ATITHI
TOURS AND TRAVELS
402, Pearl House, Next to IIPM Tower, Erramanzil-Hyderabad-500 082
Contact TUSHAR KARANI on 92465 91107, 98480 11779

(જા.ખ.)

# માવજત સમિતિ

સંચાલક : **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

## હેલ્ધી-હાર્ટ ચેક-અપ કેમ્પ

માવજત સમિતિ દ્વારા હાર્ટ ચેક અપ કેમ્પનું આયોજન તા. ૧૭-૧૧-૨૦૧૩ રવિવારથી આગામી ૫ રવિવાર સુધી, CVRS Metro Diagnostics India P. Ltd., Nallakunta, Hyderabad (Tel. No. 6632 4444) માં કરવાનું નક્કી કરેલ છે.

આ કેમ્પમાં નીચે મુજબના ટેસ્ટ કરાવવામાં આવશે.

૧. 2-D Echo Test (Screening)
૨. ECG
૩. Lipid Profile
૪. Fasting Blood Sugar
૫. Serum Creatinine
૬. Consultation with Cardiologist - Dr. Pankaj Jariwalla

આ કેમ્પ માટેનું રજીસ્ટ્રેશન રૂા. ૩૦૦ કચ્છી ભવનમાં તા. ૧૧-૧૧-૨૦૧૩થી સવારના ૯ થી ૧૧ સુધીમાં કરાવવાનું રહેશે. દર રવિવારના કેમ્પમાં ફક્ત ૨૦ સભ્યોનું ચેક-અપ કરવામાં આવશે. ફર્સ્ટ કેમ્પ : તા. ૧૭-૧૧-૨૦૧૩, બીજો તા. ૨૪-૧૧-૨૦૧૩, ત્રીજો ૧-૧૨-૨૦૧૩ ચોથો ૮-૧૨-૨૦૧૩ અને પાંચમો ૧૫-૧૨-૨૦૧૩ના રહેશે.

વહેલા તે પહેલાના ધોરણે વધારેમાં વધારે ૧૦૦ નામો નોંધવામાં આવશે.



# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial or Hand Facial also.

**Timing**
**11.00 am**
**to 8.00**

***Home service Facility is also available***

***Sunday Closed***

Summer Special offer
**Mehandi & Self**
**Grooming Classes**

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

સાલમુબારક સાલમુબારક

# અવસર સારીઝ

(જી.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વાસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# સંસ્થા સમાચાર

❖ **શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ**ની ૨૦૧૩-૨૦૧૫ માટે વ્યવસ્થાપક સમિતિમાં આપણા સમાજના શ્રી લક્ષ્મીચંદ કેનિયા સર્વાનુમતે ચુંટાયા છે.

❖ **ગાલા નુખના ભાવિકો અને નિયાણી બહેનોની સામુહિક પહેડી : રજત જયંતિ વર્ષ :** સવિનય જણાવવાનું કે ગાલા નુખના વિશલ માતાજીને નમતા ભાવિકો તથા નિયાણી બહેનોની સામુહિક પહેડી રવિવાર તા.૨૪-૧૧-૨૦૧૩ના સવારના ૯.૦૦ કલાકે શ્રી હનુમાન વ્યાયામ શાળા, કંદા સ્વામી લેન, હૈદરાબાદ મધ્યે રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સમયસર પધારવા વિનંતી.

કાર્યક્રમની વિગત પાછળથી આમંત્રણ પત્રિકા મારફત જણાવવામાં આવશે.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| પુત્રી જન્મ | અ.સૌ. પુર્વી ચિરાગ રતિલાલ છેડા | લાયજા મોટા | હૈદરાબાદ |
| પુત્ર જન્મ | અમી અમીત વેણીલાલ દેઢિયા | નવાવાસ | હૈદરાબાદ |
| સગપણ નોંધ | પ્રતિક કિશોર ધનજી હરિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| | વંદના દિપક જાદવજી ભેદા | ભુજપુર | નાગપુર |
| | જીનલ મહેન્દ્ર દેવશી વોરા (B.Sc., Comp.) | મુન્દ્રા | હૈદરાબાદ |
| | દિપેન સૂર્યકાન્ત ભીમશી રાંભિયા (MBA) | ગુંદાલા | મુંબઈ |
| અવાસન નોંધ | અ.સૌ. સરલા નાનજી ખીમજી ગાલા (ઉ.વ.૫૫) | લાખાપર | હૈદરાબાદ |










FOR ALL YOUR COMPUTER WORK
- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

**Upto 20% Discount on Medicines on M.R.P.**

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# વિવિધા

## પ્રાર્થના

હે જગદાધાર જગતગુરૂ પરમેશ્વર ! તારી બનાવેલી આ પંચરંગી દુનિયા જોઈને મને આશ્ચર્ય થાય છે. અહીં લોકો એકબીજાને દુઃખી કરવા કેમ મચી પડયા છે ? એકબીજાને પછાડવા કેમ મથી રહ્યા છે ? શું તેઓ દુર્ગતિમાં જવાના છે માટે ? સજ્જનો ઉપર લોકો ઈર્ષા કેમ કરતા હશે ? એમને તારે કુતરા બનાવવા છે માટે ? થોડાક અપરાધ ખાતર લોકો આટલો ગુસ્સો અને મારામારી કેમ કરતા હશે ? તારે તેઓને જંગલી સાપ બનાવવા છે માટે ? આખો દિવસ માણસો વ્યસન, વિલાસ અને ભોગમાં જ કેમ ગળાડૂબ છે ? તેમને નરકમાં મોકલવા છે માટે ? કેટલાક નિર્દય જીવોને બીજા જીવોને કાચી કાકડીની જેમ રહેંસી નાખતા કેમ દયા નથી આવતી ? જીવોને જીવતા જ ખાઈ જવાની કેમ મજા કરે છે ? તારે તેમને ભયંકર દુર્ગતિઓમાં ભમાવવા છે માટે ? ના પ્રભુ ના! આવું ના કર ! તેઓ બિચારા અજ્ઞાન જીવો છે. તું તો દીનદયાળ કરૂણાસાગર છે. તું એમના અંતરને કેમ સુધારતો નથી! એમને સદ્બુધ્ધિ કેમ નથી આપતો ? કે જેથી બધા જ સજ્જન બનીને જીવે. બધાનું ભલું જ કરે. દુનિયામાં કોઈ કોઈનું બૂરૂં જ ન કરે એવું તું કર ને!

**– દિનેશ કલ્યાણજી ગોસર**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337** (જા.ખ.)

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)



# Iksita

Sarees
Lehangas
Kurtas
Designer Suits
Tunics
Western Outfits
Custom made Outfits
Designer Blouses

*Hiral Hardik Gala*
*Hiral Jitendra Gala*

4-3-53/54,
K.S. Lane,
Raghunath Bagh,
Sultan Bazar,
Hyderabad - 500 095.
**9502699988**
**9966572644**

(જા.ખ.)



**Mobile : 98481 85595**
**Ph. No. : 040-66777172**

# BOMBAY LUGGAGE & NOVELTIES

Near Metro Diagnostics & State Bank of Hyderabad, Nallakunta, Hyderabad-500 044.

THE ONE STOP SHOP FOR

- LUGGAGE BAGS - VIP, Sky Bags, Alfa, American Tourister Polo, Pulse etc.,
- COLLEGE & SCHOOL BAGS - Liviya, American Tourister, Wildcraft, Barbie, Chota Bheem, Ben 10 etc.
- Lap Top & Office Bags, Travel Pouches, Camera & Waist Pouch, Pass Port Pouch.
- Gents Wallets & Belts
- Just Added - Ladies Foot Wear, Kurties, Legins, Nighties, Night Suits, Wallets & Belts.
- Exclusive Range of Ladies Hand Bags & Party Clothes, Jewellery & Bangle Box, Saree & Blouse Covers

**SUPER EXCHANGE OFFER FOR YOUR OLD LUGGAGE BAGS**

- Exclusive Wholesale Dealers for Altec Werner
  Aluminium Ladders & Clothes Drying Pulley Stand to fix in the Balcony.

(જા.ખ.)

# કદર કરો...

મોટા ભાગના લોકોની ઈચ્છા હોય છે કે તેમનું સ્વાસ્થ્ય સારૂં રહે, પૈસાદાર બને, સારો લાઈફ પાર્ટનર મળે ઈત્યાદી. જનરલી વ્યક્તિની ઘણી ખરી ઈચ્છાઓ પુરી થતી હોય છે પણ પોતાને મહત્વ મળે, તેના કાર્યની કદર થાય, અભિનંદન મળે તેવી આશા-અપેક્ષા અધુરી રહે છે.

ઘણીવાર આપણે નાના બાળકોને જોયા હશે. આપણી સામે તે જાત જાતના અટકચાળા કરી આપણી તરફ જોશે. તેની લાલસા હોય છે કે તમે તેની ખૂબીની નોંધ લ્યો. બાળકની માં પણ તેને ઈંગ્લીશની કવિતા બોલવાનું કહેશે, એ.બી.સી.ડી બોલાવશે. માં-બાળક બન્નેની પ્રબળ ઈચ્છા હોય છે કે તમે બાળકની પ્રશંસા કરો. આજ લાલસા તમને લેટેસ્ટ સ્ટાઈલના કપડા પહેરવા પ્રેરે છે, મોબાઈલના નવા મોડલ ખરીદવા પ્રેરે છે તેમજ તમારા અતિ બુધ્ધિશાળી છોકરાઓની વાતો કરવા પ્રેરે છે.

ઈતિહાસમાં કેટલાય પ્રસિધ્ધ લોકો પણ આ મહત્તા પામવા સંઘર્ષ કરતા હતા એવા ઉદાહરણો છે. કેટલાય સંતો પોતાના નામ સામે 'મહાત્મા' 'ભગવાન' શબ્દનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે છે. આજના આપણા M.P., MLA પણ આમાં પાછળ નથી. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે દરેક વ્યક્તિને પોતાની મહત્તા પોષાય તેવી અંતર-ઈચ્છા હોય છે જ અને તે માટે આપણે સર્વે જાણતા-અજાણતા પણ કોશિષ કરતા હોઈએ છીએ.

તમારા ઘરમાં કોઈએ સારું કાર્ય કર્યું હોય, કોઈ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય, તમારી પત્નિએ સારી રસોઈ બનાવી હોય, તમારા પતિએ પ્રમોશન મેળવ્યું હોય, બાળકો સારા માર્કસ મેળવી પાસ થયા હોય, સમાજમાં સારૂં સેવા કાર્ય કરેલ હોય કે તમારા હાથ નીચે કામ કરતી કોઈ વ્યક્તિએ સારૂં કાર્ય કરી બતાવેલ હોય એવા સર્વ વ્યક્તિઓની પ્રશંસા કરી અભિનંદન આપવાનું ચુકશો નહીં. અને તે પણ બીજાઓની સમક્ષ થાય તો વધારે ઉત્તમ રહે. આવી રીતે તેની પ્રશંસા કરી કદર કરતા, તે વધારે સારૂં કાર્ય કરવા પ્રેરાશે અને હંમેશા તમારો થઈને રહેશે. કોઈનામાં આપણે સારૂં ન જોઈ શકતા હોઈએ તો તેનો કોઈ વાંધો નહીં, પણ ટીકા કે હાંસી કરવાનું જરૂરથી ટાળો. ટીકા કે નીંદા કરવાથી સામેની વ્યક્તિ સુધરશે, આગળ વધશે કે તમને માન આપતી થશે એવી અપેક્ષા સદંતર ખોટી પડશે.

એ વાત સાચી છે કે સારા કાર્યની પ્રશંસા કરવી આવશ્યક છે પણ સાથે સાથે એ વાત પણ સાચી છે કે કોઈની ખોટી પ્રશંસા કરવી તે અયોગ્ય છે, અપ્રમાણિક છે તેને આપણે ચાપલૂસી પણ કહી શકીએ. કદર કરવી અને ચાપલૂસી કરવી તે બન્ને વચ્ચે બહુ મોટો તફાવત છે. એક છે પ્રમાણિક અને બીજી છે અપ્રમાણિક.

**સાધારણ રીતે આપણે જોવામાં આવે છે કે ઘણા લોકો કોઈના વખાણ કરવામાં, કદર કરવામાં કંજુસાઈ કરે છે પણ ટીકા કરવામાં - નીંદા કરવામાં અતિશય ઉદાર હોય છે.**

છેલ્લે, સારાંશમાં એટલુંજ કહેવાનું કે આપણે મેળવેલી સિધ્ધિઓને ચાલો આપણે ભૂલી જઈએ. બીજાઓમાં રહેલ સારા મુદ્દાઓ ખૂબીઓ શોધવાનું કામ કરીએ. ચાપલૂસી કરવાનું તો ભૂલી જ જજો પણ પ્રમાણિક અને હૃદયપૂર્વકની પ્રશંસા અને કદર કરજો. લોકો તમારા શબ્દોને માણશે, ખજાનામાં રાખશે અને જીવનભર તમને યાદ રાખશે.

**— રમેશ એમ. શાહ**

## પ્રાર્થના એટલે કલ્પવૃક્ષ

પ્રાર્થના એટલે ઈશ્વર સાથે વાતાલાપ કરવાનો
વાયરલેસ વ્યવહાર
પ્રાર્થના એટલે ઈશ્વરને પોતાના બનાવવાનો
વશીકરણ મંત્ર
પ્રાર્થના એટલે આત્માને પરમાત્મા બનાવનાર
ઉંચું રસાયણ
પ્રાર્થના એટલે સંસારના ચીકણા
કાદવમા ખૂંચી રહેલ
માનવને હાથ પકડીને બહાર કાઢવાનું
અનુપમ કાવ્ય.
પ્રાર્થના એટલે કર્મ શત્રુ પર વિજય મેળવવાનું
અમોઘ શસ્ત્ર, આધિ, વ્યાધિ, ઉપાધિ
ચિંતા અને શોકના ઘેરા વાદળને વિખેરનાર
પથનું કામ પ્રાર્થના કરે છે.
મતલબ કે પ્રાર્થનામાં અગાધ શક્તિ છે
માટે આજથી જ પ્રાર્થના શરૂ કરો.

જૈનમ માસિકમાથી સાભાર : **પલ્લવી લોડાયા**

## ઈચ્છા થાયતો

જોવાની ઈચ્છા થાય તો : હું કેવો છું તે જો જો
લુંટવાની ઈચ્છા થાય તો : જ્ઞાન ને જ લૂંટજો
વ્યસનની ઈચ્છા થાય તો : દાનનું વ્યસન રાખજો
ખાવાની ઈચ્છા થાય તો : સૌના સદ્‌ગુણો જ ખાજો
રડવાની ઈચ્છા થાય તો : અદમ કૃત્યો માટે રડજો
સોબત કરવાની ઈચ્છા થાય તો : સજ્જનની કરજો
કંઈક કરવાની ઈચ્છા થાય તો : કોઈનું ભલું કરજો
**વાંચવાની ઈચ્છા થાય તો : નિયાપો જ વાંચજો**

**– ખુશાલ વાલજી લોડાયા**

## સંવત શોધવાની રીત

૧.ઈસ્વીસનમાં ૫૬ ઉમેરવાથી વિક્રમ સંવત આવશે
૨.ઈસ્વીસનમાં ૫૨૬ ઉમેરવાથી વીર સંવત આવશે
૩.વીક્રમ સંવતમાં ૪૭૦ ઉમેરવાથી વીર સંવત આવશે.
૪. વીર સંવતમાંથી ૪૭૦ બાદ કરવાથી વિક્રમ સંવત આવશે.

સંકલન : **સાવલા વલ્લભજી મેઘજી**

## કચ્છી ગઝલ

૧) મલી, ફરી મલેજો મન થીએ એળા મારૂ કડાં મલેતા
મું કે મુઝ થઈ ત, મરી ફટે એળા ભેરૂ કડા મલેતા
મું મૂઝેજી મમ્મતમેં મંધ્યો મનેખ મનખો હીજવનાય
માંથેલે કે મલેજી મુરાદ થીયે પુરી, એળા ગુરૂ કડાં મલેતા

૨) સુખજા સાથી સુખ ભેગા સરી વનંધા,
સુણી સદ સધિયારે જો, પુઠ દઈ વનંધા.
સમ્પતિ પોઆ કડી સટ, નકરી વનધો સા,
સંતોષ મ સંધીધા સૂર ત તરી વનંધા

૩) હી નાથ, વુ નાથ જે નાદમેં દુઃખી થઈ વનુ
આયે હથ હી માણીયું મોજસે, ત સુઃખી થઈ વનુ
પંઠ પંઠ જે હકજો દીયે પ્યો દાતાર તકડો ને છાંઈ
નતો સંધરે વદર પાણી, સમજું ત સંતોષી થઈ વનુ

**કલ્યાણજી કુંવરજી સૈયા,** ચેન્નાઈ
દક્ષિણ ભારત કચ્છી વિશા ઓસવાલ જૈન એકમના પ્રમુખ

સંકલન : **યશવંતી નિસર**

## બીજાનું સુખ સહન કરતાં શીખો

વર્તમાન કાળમાં "ટેન્શન" અને "ડીપ્રેશન" આ બે શબ્દોના પ્રયોગો હાલતા ચાલતા સાંભળવા મળે છે. કોઈ પણ કારણને લઈને વ્યક્તિ વ્યાકુળ થઈ જાય, પોતાના કામને પંહોચી શકે તેમ ન હોય તો તેને ટેન્શન થઈ જાય. ક્યારેક માણસને કોઈ કાર્યનો નિર્ણય કરવાનો હોય અને ન કરી શકે તો પણ ટેન્શન કરે. ક્યારેક તો માણસને કોઈના મોઢે પોતાની વાત સાંભળીને પણ ટેન્શન થઈ જાય.

પોતાના પર આવતી મુશ્કેલીઓ સહન ન થાય ત્યારે માણસ ટેન્શનમાં આવી જાય છે. ટેન્શન એટલે સહનશીલતાની ખામી.

નાનાથી માંડી મોટા બધાજ ટેન્શનમાં આવતા હોય છે. આવી હકીકત હોવા છતાંય માણસ પોતાનું દુઃખ તો હજુય સહન કરી લે છે પણ બીજાનું સુખ સહન કરી શકતા નથી. પરિવારની શાંતિ જાળવવા બીજાનું સુખ સહન કરવું પણ જરૂરી છે. બીજાને સુખી જોઈ વ્યક્તિ પોતાનામાં ઓછપ અનુભવે છે. બીજાની ઈર્ષ્યા કરે છે, અને પોતાના દુઃખમાં વધારો કરે છે.

ઈર્ષ્યાની આગ હજારો પાણીના બંબાથી પણ ઠારી શકાતી નથી. પરિવારમાં શાંતિ તોજ ટકે છે જો બીજાના સુખને સહન કરતાં શીખીએ.

બીજાનું સારૂં ખાવાનું, પીવાનું, પહેરવા-ઓઢવાનું કે માનપાનનું સુખ જે જીરવી શકે તે જ પરિવારમાં સારી રીતે ટકી શકે, નહીંતર સમડીની જેમ નષ્ટ થવું પડે.

બીજાના સુખને જોઈ સુખી થનાર ખુદ આનુંદમાં રહે છે. પરિવારમા શાંતિ-પ્રેમ-સુખ જાળવવા બીજાના સુખને સહન કરતાં શીખો.

*"સુખો બીજાના નિરખી, શીદને દુઃખી થાઓ*
*જો વૈર ઝેર કરશો, જીવનની લહેર ખોશો"*

**–જયાબેન મગનલાલ મારૂ**

## આખરે પોતાના માટે ક્યારે જીવવાનું

**આપણી સમાજ વ્યવસ્થા પહેલેથી એવી રહી છે કે, મોટી ઉંમરે મા-બાપ સંતાનો પાસેથી અપેક્ષા રાખે છે. પરંપરા અને સંસ્કરોની વાતો આપણે માનીએ છીએ, સમજીએ છીએ અને ફોલો પણ કરીએ છીએ. પરંતુ, પ્રશ્નો ત્યારે ખડા થાય છે જ્યારે આપણે આપણી નેકસ્ટ જનરેશનને આ બધું કરવાની ફરજ પાડીએ છીએ. તકલીફ પણ ત્યારે થાય છે જ્યારે આપણે અપેક્ષા રાખીએ છીએ.** એક બહેનપણી રીમાની વાત કરૂં. એ હોમમેકર છે. સાસુ-સસરા, પતિ અને એક દીકરો એમ સંયુક્ત પરિવારમાં એનો સંસાર સમાઈ ગયો છે. બે જનરેશનની બે સ્ત્રીઓ અને અલગ અલગ જનરેશનના ત્રણ પુરૂષો વચ્ચે એ તાલમેલ કરતી રહે છે. સાસુ-સસરાનો સમય સાચવવો, મર્યાદા રાખવાની અને પતિ તેમજ દીકરાનું પણ કરવાનું.

રીમા સાથે આ જવાબદારીઓ અને પોતાની જિંદગી વિશે વાત થતી હતી. રીમાએ પોતાના દિલની વાત એકદમ મોકળાં મને કહેવા માંડી. પિયરમાં રહેતી હતી ત્યારે પપ્પા કહે એમ જીવતી. સાસરે આવી ત્યારથી સાસુ-સસરા અને પતિની લાઈફ સ્ટાઈલ અપનાવી. હજુ પણ લગ્નને પંદર વર્ષ થયાં હું મારી રીતે નથી જીવી શકતી. ઘરમાં આમ પણ સાસુનું ચાલે છે. એ સો વરસ જીવે એવી પ્રાર્થના કરૂં છું. પણ એ જીવશે ત્યાં સુધી તો મારે એમનું કહ્યું જ ઘરમાં કરવાનું છે. પોતાની રીતે હું છૂટછાટ લઈ નથી શકતી. સાથે રહેવું અને પછી અલગ અલગ જીવવું એ પણ ગમે નહીં. કોઈ ફરિયાદ નથી પણ વિચાર આવે છે એ હકીકત છે. થોડાં વર્ષોમાં દીકરો મોટો થઈ જશે પછી શું મારે એ કહે એમ જીવવાનું ?

તો અત્યાર સુધીની મારી જિંદગીમાં હું મારાં માટે ક્યારે જીવી ? મેં મારાં દિલને ખુશી મળે એવું ક્યારે કર્યુ ? હંમેશા બધાનો વિચાર કરીને જ જીવી છું. એક નહીં અનેક બાબતોએ મેં મારી જાત સાથે કોમ્પ્રોમાઈઝ કર્યુ છે. જાતને સમજાવી છે. અમે લોકો ફરવા જઈએ કે સિનેમા જોવા જઈએ બધાં જ સાથે જઈએ છીએ. મારા જીવનસાથી સાથે મને મારી રીતે જિંદગી માણવાનો મોકો જ નથી મળ્યો.

આટલાં વરસ આ રીતે જીવીને રીમાએ એક વાત નક્કી કરી છે. રીમાએ એનો નિર્ણય પતિને કહ્યો ત્યારે બંનેને બહુ દલીલો થઈ. છેવટે એનો પતિ પણ આ વાત માટે માની ગયો.

***રીમાએ એક વાત નક્કી કરી કે, દીકરો મોટો થશે ભણવાનું પુરૂં કરે, કમાવા માંડે, પરણી જાય પછી એને જુદો કરી દેવો. સાથે રાખવાનો કે એક ઘરમાં રહેવાનો મોહ મારે નથી રાખવો. જે રિયાલિટી હું ફેસ કરૂં છું એમાંથી મારી વહુને મારે નથી પસાર થવા દેવી. જેમ હું અનેક સપનાઓ જોઈને આવી હતી એમ એ પણ ઘણાં અરમાનો સજાવીને આવશે. એના ઉપર મારે કોઈ બંધનો કે મર્યાદાના નિયમને નથી ઠોકી બેસાડવા.***

એનાં કરતાં પણ સૌથી મહત્વની વાત જીવનમાં જ્યારે પણ અને કોઈ પણ ઉંમરે ફક્ત હું અને મારો જીવનસાથી એકલાં રહી શકીએ એવા જીવનની મને ઝંખના છે. કદાચ કોઈને રીમાની વાત અને વિચારવાની રીત સ્વાર્થી લાગશે. કોઈ એવું પણ કહેશે કે રીમા તેનાં સાસુ-સસરાની વિદાયની રાહ જોઈ રહી છે. કોઈનો મત એવો પણ હશે કે, દરેક વખતે નવી પેઢીને સહન કરવાનું આવે છે. એક પેઢી પોતાની રીતે જીવે ત્યાં બીજી પેઢી મોટી થઈ જાય છે. બે જનરેશન વચ્ચેનો તાલમેલ ઘણી વખત બેસૂરો થઈ જાય ત્યારે સવાલો ખડા થાય છે. અપેક્ષાઓ રાખીએ છીએ ત્યારે જ તો આપણને ખરાબ લાગે છે, ઓછું આવી જાય છે. રીમાના કેસમાં એને એના દીકરા પાસેથી એવી કોઈ અપેક્ષા જ નથી કે દીકરો કહ્યાગરો બનીને એનું ધ્યાન રાખે અને એક ઘરમાં રહે. સાસુ-સસરાની સેવામાંથી કે એમનું કામ કરવાની જવાબદારીમાંથી છટકવાની વાત પણ નથી. હકીકત એ પણ છે કે, ભવિષ્યની કોઈ જ ગેરંટી નથી હોતી કે શું થવાનું છે. કદાચ એવું પણ બને કે, આવનારા દિવસોમાં રીમા અને એના પતિની તબિયત સાથ ન દે, બેમાંથી કોઈ એકલું પડી જાય કે જીવનના કોઈ તબક્કે એમને દીકરાની જરૂર પણ પડી શકે. લાઈફમાં કદીય પોતાનું ધાર્યું નથી થવાનું. છતાંય જીવનશૈલી વિશે કે આવનારી જિંદગી વિશે વિચારો કરવામાં કંઈ ખોટું નથી.

તમે શું કહો છો, શું રીમાનો વિચાર બરોબર છે ?

– સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

# જોઈએ છે...

## મધ્યમ વયના બહેન (૫૦-૫૫ વયના) ઘરમાં રસોઈ કરવા માટે, ફૂલ ટાઈમ, ઘરમાં રહેવાની સગવડ છે.

સંપર્ક : **કુસુમ શાહ**
ચૈતન્યપુરી, હૈદરાબાદ

**ફોન. ૯૨૯૧૫૪૪૬૮૧, ૯૮૪૯૪ ૩૭૫૮૦**

(જા.ખ.)

|| Jai Mahaveer ||

Seasons Greetings & Diwali Best Wishes to all of you

## "Naman Contructions Solutions"

A Name for all your water proofing needs, where treatment is done by Nano Technology Products with the help of Skilled and efficient workers. All you need is to contact us.

We also undertake painting and colouring assisgnments for Flats, Offices and other commercial establishments.

Contact
**Mr. Vardhaman Shah**
Cell No. 98853 41835

(Remember : A stitch in time saves nine)

(જા.ખ.)

KCC
KUTCHI CRICKET CLUB

## KCC in association with its sponsors presents
## Victory Cup KPL-6

**Lead Sponsor**

Victory

Victory Comfort Products
Shri Prafulbhai Ratanshi Gogri Pariwar

### Team Sponsors

Shanti Ke Sitare
Shree Shanti Group of shops

marc masters
Kalpana Trading Co.

Chandan Champs
Chandan Corporation

Vishal warriors
Vishal Cutpiece Center

Shanti ke Sahenshah
Shree Shanti Supplies

Galaxxy of Stars
Galaxy
Fashionable photography
and videography

Raj Royals
Sri Raj Jewellery

Bijal Ramesh Savla

(જા.ખ.)

Team KCC wishes everyone a very happy Diwali and a prosperous new year !

The wait for Kutchhi Premier League is now over !!
KCC presents the exciting cricket hungama... The Victory Cup KPL-6

Victory Cup **KPL-6**

*On Sunday 29th Dec, 2013*
*Lead Sponsors – M/S Victory Comfort Products*

***Registration Requirement****
- Registration Fee – Rs. 300 per player
- 2 Passport size photos
- Participant should be KMM member
- Registration form can be downloaded from www.cricketkpl.com from 25th Nov 2013

***Registration Categories***
Sub-Junior Male (Age 12-15) – First 20 registrations only
Junior Male (Age 16-40) – First 75 registrations only
Senior Male (Age 40+) – First 35 registrations only
Female & Girls (Age 16+) – First 35 registrations only

**Registration date: 1st December (for KCC member) 2nd to 5th December (for non-KCC members)**
**Registration Venue: Sri Raj Jewellery, 203 Ashoka Scintilla Complex, Himayatnagar (Above Mebaz)**
**Ph: 66831338, 65501338**

Note: No Tele registrations please. **Registration is not a confirmation for playing in KPL-6,** it is subject to the registered player getting picked in the auction process by the team owners. KCC committee decision shall be final and binding to all.

For sponsorship details and information please call Paresh Gala – 9966205413
For further suggestions and information please visit www.cricketkpl.com
Join us on facebook @KutchhiCricketClubHyderabad.
Manthan Shah – 9849319090    Tarang Rambhia – 9885664096

(જા.ખ.)

*Conditions apply

Kutchhi Cricket Club is proud to announce a final showdown of its reputed season ball cricket tournament – the Kucthhi Cricket League (KCL) 2013

As we prepare for the grand closure of KCL 2013, we would like to extend our heart felt gratitude to all our sponsors

| | | |
|---|---|---|
| **M/s. Kalpana Trading Co.** | – | **Team Marc Masters** |
| **M/s. Vishal Cutpiece Center** | – | **Team Vishal Warriors** |
| **M/s. 212** | – | **Team 212** |
| **M/s. Shanti Group of Shops** | – | **Team Shanti Ke Sitare** |
| **M/s. Sri Raj Jewellery** | – | **Team Raj Royals** |

We would like to announce and welcome you all to witness the semi-final and final matches

**First Semifinal – Shanti ke Sitare v/s Raj Royals on 10th November, 2013**
**Second Semifinals – Marc Masters v/s 212 on 17th November, 2013**

**Grand Final – on 15th December, 2013**
**at Melgiri Cricket Grounds**

Village Yenkapally, Bakaram Road, off. Vikarabad Road,
Near Swaminarayan Gurukul, Moinabad Mandal, Hyderabad

**Breakfast for all the players and guests will be arranged on the ground**

RSVP: Tarang Rambhia – 9885664096/ Sanchit Gala - 9966205372
For further information please call Puneet Sanghvi – 9246522721/
Ritesh Dharod - 8688888488

(જા.ખ.)

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એઇડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

(Regn. No. AMC/HYD/(4)/96/13)
૧૦૧, એસ.વી. ફોરચ્યુન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૦૧
ફોન : ૬૪૫૫ ૬૫૬૩, ૨૪૭૫ ૨૧૮૫ Email : komacs@yahoo.co.in

સહર્ષ જણાવવાનું કે ધન સંચય યોજના - **III**નો લાભ સોસાયટીના સભ્યો સારા પ્રમાણમાં લઈ રહ્યા છે. જે કોઈ સભ્યોને આ યોજનાનો લાભ મેળવવો હોય તો, તા. ૩૦-૧૧-૨૦૧૩ સુધી અરજી કરી શકશે, ત્યારબાદ અરજીઓ સ્વીકારવાનું બંધ કરવામાં આવશે.

જે સભ્યોએ **K.Y.C.** ફોર્મ ભરેલ ન હોય તેમણે તુરંત ફોર્મ ભરી આપી જવા વિનંતી.

સોસાયટી મારફત **Mediclaim** (સ્વાસ્થ્ય સુરક્ષા) નો લાભ લેનારા સભ્યોને જણાવવાનું કે, તેમની સુવીધા માટે ગ્લોબલ હોસ્પીટલ-લકડીકાપુલ મધ્યે નીચે જણાવ્યા મુજબની સેવાઓ મેળવી શકશે.

આઉટ પેશંટ ઈન્વેસ્ટીગેશન (બાહરથી કરાવવામાં આવતા રિર્પોટ અને પ્રોફાઈલ સીવાયના) ઉપર ૩૦**%** છુટ મળી શકશે.

ગ્લોબલ હોસ્પીટલમાં આવતા સ્પેસ્યાલીસ્ટ ડોકટરોને રવિવારના દિવસે પણ મળી શકાશે. આ માટે હોસ્પીટલ મારફત ૪૮ કલાક અગાઉ એપોઈન્ટમેન્ટ મેળવવાની રહશે.

હોસ્પીટલમાં, મેડીકલ ઓફીસર સાથે મફત (**Free**) માં કસલટેશન, સેકંડ ઓપીનીયનનો લાભ મેળવી શકાશે.

હૈદરાબાદ-સિકંદરાબાદ શહરો માટે ફ્રી એમ્બયુલંસ પિકઅપનો લાભ (ઈમરજેન્સીમાં) મેળવી શકાશે.

આ બધી સેવાઓ મેળવવા માટે ઈન્સયુરંસ કંપની તરફથી આપવામાં આવેલ ઓળખ પત્રની **Xerox (Photo copy)** સાથે લઈ જવાની રહેશે.

વધુ માહિતી માટે સંપર્ક - ૭૭૦૨૯ ૨૭૭૭૬ (ફોન લાઈન ૨૪ કલાક ચાલુ રહેશે) ૦૪૦-૩૦૬૪ ૪૪૪૪, અથવા શ્રી દિનેશભાઈ ગોસર, ૯૮૪૯૪ ૭૦૬૬૨નો સંપર્ક કરવો.

**GLOBAL HOSPITALS brings Exclusive Privillages to Members of KOMACCS Ltd.**

- 30% Discount on Out Patient investigations (Except profiles & out sourced investigations)
- Special Consultations on Sundays with prior Appointment of atleast 48 Hours.
- Free consultation with Medical Officer. Free Second Opinion. Free Ambulance Pickup within Twin Cities in (emergencies) please produce Photo copy of ID Card of New India Assurance Co., For Information Call 24x7 - 77029 27776.

**GLOBAL HOSPITALS, Lakdikapool, Hyderabad. Ph : 040-3064 4444.**
**www.globalhospitalsindia.com**

(જા.ખ.)

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯




દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે
એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દિઠ રૂા. ૫૦/- માત્ર. લાભ લેવા હાર્દીક નિમંત્રણ છે.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી
## માતુક્ષી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે **શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા**

મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(જા.ખ.)